# સામુદાયિક સેવાધારા અહેવાલ:-૨૦૨૦-૨૦૨૧

પ્રસ્તાવના :-

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન વિવિધ પ્રવૃતિયોનું આયોજન કરવામાં આવેલ,પરંતુ વૈશ્વિક મહામારી કોરોના ને કારણે ઘણી પ્રવુતિઓ ઓનલાઇન થયેલ છે. જેમાં દત્તક ગામ મુલાકાત, પ્રવેશ ઉત્સવની ઉજવણી, સફાઇ અભિયાન, છઠા આંતરરાષ્ટીય યોગ દિવસની ઉજવણી,એન.એસ.એસ.ઓરીએન્ટેશન, વુક્ષા રોપણ કાર્યક્રમ, સ્વયં સેવકોને કોરોના કામગીરીમાં જોડીયા,તાલુકા કક્ષાનો વુક્ષા રોપણ કાર્યક્રમ, કોરોના કેન્દ્ર મહુવાની મુલાકાત, મતદાતા જાગૃતિ અભિયાન,આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ,તાલુકા કક્ષા ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી, યુવક સહકારી શિક્ષણ વર્ગની તાલીમ, દરેક સ્વયં સેવકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઇને કાર્યક્રમને સફળ બનાવ્યો.. આમ સમગ્રવર્ષ દરમિયાન એન.એસ.એસ. ની દરેક પ્રવૃત્તિ ઓનલાઇન યોજવામાં આવી. .જે ફોટોગ્રાફ્સમાંથી જાણી શકાય છે.

-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-

છઠા આંતરરાષ્ટીય યોગ દિવસની ઉજવણી કોલેજમાં સ્ટાફ સાથે તેમજ વ્યક્તિગત ઘરે પણ ઉજવણી કરી. જેમાં ૧૭ સભ્યો જોડાયા, કોરોના કાળમાં યોગાસન ખુબ જ લાભદાયક હોય રહે છે.








નવા પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને એન.એસ.એસ ની સંપૂર્ણ માહિતી ઓનલાઇન આપવામાં આવી.જેમાં એન.એસ.એસ નો ઇતિહાસ ,શરૂઆત,ઉદેશ ,સિધ્ધાંતો,મહત્વ, રાષ્ટ્રના નિર્માણ માટે યુવાનોની ભુમિકા શું છે.તેની સમજ ઓનલાઇન લેકચર ધ્વારા આપી.

પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિધાર્થીઓને પર્યાવરણને બચાવવા માટે વુક્ષારોપણ કેટલુ મહત્વનું છે. તે ઓનલાઇન સમજાવ્યું. અને ઘરે રહી ને ઘરની આસપાસ વુક્ષો અને છોડવા રોપાવ્યા. અને જ્યારે કોલેજમાં આવે ત્યારે કોલેજમાં પ્લાન્ટ જમાં કરાવ્યા હતા.

Govt. Arts-Com. & Science College Karchheliya (Kachhal) Ta.Mahuva,Di.Surat




તા૨૯/૦૮/૨૦૨0ના રોજ અમારી કોલેજ માં તાલુકા કક્ષાનો વુક્ષા રોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં ૧૭૭ વિધાનસભાના મહુવાતાલુકાના ધારાસભ્ય શ્રી મોહનભાઇ ધનજીભાઇ ધોડિયાસામાજિક વનીકરણ વિભાગ રેંજ મહુવાના સિલ્પા મેડમ તેમજ તેઓનો સમગ્ર સ્ટાફ , કાછલ ગામના સરપંચશ્રી નરેનભાઇ કાછલ કોલેજનો સમગ્ર પરીવાર કાર્યક્રમમાં હાજર રહ્યો. આ કાર્યક્રમ

Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva Di.Surat •





દ્વારા  વૃક્ષા રોપણનો સંદેશ આપવામાં આવ્યો.

-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-

સુરત જિલ્લા સહકારી સંઘ સુરત દ્વારા તા-૦૮/૦૨/૨૦૨૧ થી ૧૩/૦૨/૨૦૨૧ દરમિયાન

કાછલ કોલેજમાં યુવક સહકારી શિક્ષણ વર્ગની તાલીમ યોજવામાં આવી. આ તાલીમમાં બે વર્ગમાં ૭૦ બહેનો અને ૨૦ ભાઈઓ હાજર રહ્યા હતા. તાલીમ નો સમય ૧૦.૦૦થી ૧૧.૦૦નો હતો.જેમાં સહકારી





Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva, Di.Surat




પ્રવુતિ અંગેની જાગુતિ, સહકારી મંડળી અંગેની સમજ ,આરોગ્ય જાગુતિ, આધુનિક ટેકનોલોજીનો ખેતીમાં ઉપયોગ,તેના લાભ ગેરલાભ,સુગર ફેકટરીની મુલાકાત, વગેરે મુદા રહ્યા હતા.

-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-

આરોગ્ય જાગૃતિ કાર્યક્રમમાં વિધ્યાર્થી ઓ એ કોરોના અંગે જાગુતિ ફેલાવવા વિવિધ વિડિયો ગ્રૂપમાં સેર કરેલ હતા.

Govt. Arts-Com. & Science College Karcheliya (Kachchal) • Ta.Mahuva,Di.Surat •

સ્વયં સેવકોને કોરોના કામગીરીમાં જોડયા હતા જેમાં કરચેલીયા પી એચ. સી ને સ્વયં સેવકોની યાદી આપી હતી.

તા-૨૩/૦૧/૨૦૨૧ના રોજ કોરોના રસીકરણ કેન્દ્ર મહુવાની મુલાકાત કરવામાં આવી જેમાં સ્વંમસેવકોને રજિસ્ટેશનથી લઇ વેકસીન મુકવામાં આવે અને રેસ્ટ રુમ સુધીની પ્રોસેસ બતાવવામાં આવી.





-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-

તાલુકા કક્ષા ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ૦૮/૦૩/૨૦૨૧ના રોજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી તથા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત સંયુક્ત ઉપક્રમે અનાવલ હાઇસ્કુલમાં કરવામાં આવી. જેમાં મહિલાઓની સુરક્ષા અંગેના કાયદાઓ અને મહિલાલક્ષી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી. શરુઆતમાં ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ઉદભવ અને ઇતિહાસ વિશે એન.એસ .એસ કાછલ સ.વિ.વા.કો દ્વારા માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમ માં દહેજ સંરક્ષણ પ્રતિબંધક અધિકારી ,નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી નાયબ મામલતદાર મહુવા , તાલુકા આરોગ્ય અધિકારી, સીડીપીઓ મહુવા, બીઆરસી મહુવા, હાજર રહ્યા હતા.





Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva Di.Surat









Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva,Di.Surat •






Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) * Ta.Mahuva, Di.Surat *





Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva,Di.Surat

# વિદ્યાન સંદેશ

સાપ્તાહિક - નવસારી

મહિલા અને બાળ અધિકારી કચેરી તથા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરત ના સંયુક્ત ઉપક્રમે મહિલાઓની સુરક્ષા અંગેના કાયદાઓ તેમજ મહિલાલક્ષી યોજનાઓ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો.



આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી તથા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સુરતના સંયુક્ત ઉપક્રમે આયોજિત મહિલાઓની સુરક્ષા અંગેના કાયદાઓ તેમજ મહિલાલક્ષી યોજનાઓ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ કે.એલ પટેલ હાઈસ્કૂલ અનાવલમાં આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં મહિલા અને બાળ અધિકારી શ્વેતા બેન દેસાઈ, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી .નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી સ્વાતિબેન પટેલ, નાયબ મામલતદાર મહુવા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તાલુકા આરોગ્ય અધિકારી, સીડીપીઓ મહુવા, બીઆરસી મહુવા હેમંતભાઇ પટેલ સાર્વજનિક હાઈસ્કુલના પ્રમુખ વિપુલભાઈપટેલ, ઉપપ્રમુખ ઝવેરભાઈ પટેલ અને આચાર્ય ભુપેન્દ્રભાઇ ચૌધરી તરકાણી ના સરપંચ લલીતાબેન અનાવલ ના માજી સરપંચ ઠાકોરભાઈ પટેલ જિલ્લા મહિલા અને બાળ કચેરી માં કાર્યરત સેન્ટર ના કર્મચારીઓ ,કાછલ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.પપાબેન તડવી, આંગણવાડી વર્કરો ,આશાવર્કરો ,શિક્ષકો શાળાના વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં ડો. પપાબેન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ શા માટે ઉજવાય તે અંગે ખુબ જ સુંદર માહિતી જણાવવામાં આવ્યુ હતું. નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા મહિલાઓમાં અભ્યાસનું મહત્વ ,દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી દ્વારા મહિલા લક્ષી કાયદાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુંહતુ. તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા મહિલાઓમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અંગે જાણકારી,મહિલા અને બાળ અધિકારી શ્વેતા બેન દેસાઈ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ આ અંગે વિશેષ સંબોધન કરવામાં આવ્યો હતો તથા આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત શાળા 0% ડ્રોપ રેસીયો ધોરણ એક થી આઠ ,ધોરણ ૧ થી ૫ માં જેમણે ૧૦૦% દીકરીઓને પ્રવેશ અપાવ્યો છે તેવી શાળાઓને ૧૦૦૦૦ રૂપિયા તથા પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું અને સરકાર ની વ્હાલી દિકરી યોજના અંતર્ગત ૧૧૦૦૦૦ રૂપિયા ની હુકમ વિતરણ કરવામાં આવ્યું છે ત્યારબાદ બેટી બચાવો બેટી પઢાવોની પ્રતિજ્ઞા લઇ મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવ્યું હતું ત્યારબાદ સ્મીતા પટેલ મહિલા કલ્યાણ અધિકારી દ્વારા આભારવિધિ કરવામાં આવ્યું હતું અને જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા સંચાલિત મહિલા કલ્યાણ અધિકારી સ્મિતા પટેલ, બીઆરસી મહુવા હેમંતભાઈ,કે.એલ પટેલ હાઈસ્કૂલ ના આચાર્ય અને કેન્દ્ર શિક્ષક ધીરુભાઈ ,શિક્ષકો દ્વારા આ કાર્યક્રમનું સુંદર સંચાલન અને આયોજન કરવામાં આવ્યું હતું.

૨૬/૦૧/૨૦૨૧ના રોજ કોરોના વોરીયર્સ તરીકી તાલુકા આરોગ્ય અધિકારીશ્રી. ડો. મનોજ ચૌધરી સાહેબ અને કરચેલીયા પી. એચ.સી. ના ડો નઈમ મંસુરી સાહેબનું સમ્માન કરવામાં આવ્યું

Govt. Arts-Com. & Science College Karcheliya (Kachhal) • Ta.Mahuva Di.Surat

પ્રિન્સિપાલ
સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, કરચેલીયા (કાછલ)
તા. મહુવા, જિ. સુરત.